## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**લગ્નમાં ભલે પચ્ચીસનાં લીસ્ટ માટે મને કાપીને તને એકલીને લગ્નમાં બોલાવી... પણ આ ટીફીન લઈ જા જો એ મારા માટે ભરી આપે તો સમજવુ કે સંબંધ પાક્કા અને નહી તો સરકારના બહાને આપણને ના આમંત્ર્યા...!!**

# લગ્ન પ્રસંગે ગરબે ઘુમી રહેલી મહિલા ઢળી પડી ને પ્રાણ પંખેરૂ ઉડી ગયુ..!!

**રૂપાલમાં યોજાયેલ લગ્ન પ્રસંગ અચાનક શોક પ્રસંગમાં ફેરવાયો : ચાલુ ગરબે ૪૫ વર્ષીય મહિલાનુ હૃદયરોગના હુમલાથી અવસાન : સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ : ગામમાં અરેરાટી પ્રસરી વળી**

એક તરફ નાગરિકો કોરોના મહામારીના સકંજામાં સપડાયેલા છે જેમાં અસંખ્ય વ્યક્તિઓ કવેળાએ પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે ત્યારે બીજી તરફ વર્ષ-૨૦૨૦ જતાં જતાં હજુ એવા આચકા આપી રહ્યું છે જેની કોઈએ કલ્પના ના કરી હોય. સરકારે લોકડાઉન દૂર કર્યા બાદ કોવિડ-૧૯ ગાઈડલાઈન અંતર્ગત માંડ લગ્નપ્રસંગો માટે શરતી છુટ આપી છે ત્યારે ગાંધીનગરના રૂપાલ ખાતે એક લગ્નપ્રસંગમાં યોજાયેલા ગરબા દરમ્યાન એક એવી ઘટના બની કે આખો શુભ પ્રસંગ શોક પ્રસંગમાં ફેરવાઈ ગયો હતો. લગ્ન પ્રસંગના ઉમંગમાં હોંશે હોંશે ગરબા રમી રહેલી એક ૪૫ વર્ષીય મહિલાને અચાનક ચાલુ ગરબે હૃદયરોગનો ગંભીર હુમલો થતા ઢળી પડી હતી અને ગણતરીની ક્ષણોમાં તેનુ પ્રાણ પંખેરૂ ઉડી જતા રોકકળ મચી જવા પામી હતી. ગરબાનું વિડિયો રેકોર્ડિંગ ચાલુ હોવાથી સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ જવા પામી હતી.



ગરબા રમતાં રમતાં અચાનક જ મોતને ભેટેલ કલ્પનાબેન ગઢવી ગાંધીનગર જિલ્લાના ખાનપુર ગામના વતની છે અને પોતાના પિયર રૂપાલમાં લગ્નપ્રસંગે હાજરી આપવા આવ્યા હતા. કલ્પનાબેન હોંશથી અન્ય મહિલાઓ સાથે ગરબે ઘુમી રહ્યાં હતા અને તેમણે પોતાના એક સગાના બાળકને પણ સાથે તેડી રાખ્યુ હતુ અને અચાનક તેઓ ગરબા રમતા રમતા જ ઢળી પડ્યાં હતા જ્યાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતુ. સદ્નસીબે બાળકને તો કોઈ ઈજા પહોંચી નહોતી પરંતુ કલ્પનાબેન ઢળી પડ્યાં બાદ એકઠાં થઈ ગયેલા સગા-સંબંધીઓએ તેમને ઢંઢોળ્યા હતા પરંતુ કલ્પનાબેન પર તેની કોઈ અસર ના જણાતા તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી જેમાં ફરજ પરના ઈએમટીએ તેમની સારવાર શરૂ કરી હતી પરંતુ ગણતરીની ક્ષણોમાં જ કલ્પનાબેનનું કરૂણ મોત નીપજ્યુ હતુ. આ સાથે સમગ્ર લગ્નપ્રસંગના મંડપમાં શોકની કાલીમા છવાઈ ગઈ હઈ અને આખો પ્રસંગ અરેરાટી સાથે દુઃખમાં ફેરવાઈ ગયો હતો.

### પતિ અગાઉ ગુજરી ગયેલાં હોવાથી ૧૧ વર્ષનો દિકરો નિરાધાર બન્યો

અચાનક ગરબા રમતા રમતા ઢળી પડી અવસાન પામેલા કલ્પનાબેનનું મોત થવાથી તેમનો ૧૧ વર્ષનો દિકરો નિરાધાર થઈ જવા પામ્યો છે કેમકે આશરે અઢી વર્ષ પૂર્વે જ કલ્પનાબેનના પતિનું કેન્સરની બિમારીમાં મોત થયુ હતુ. કલ્પનાબેન રૂપાલ ખાતે ઘનશ્યામભાઈ ગઢવીના ઘરે લગ્નપ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા અને જાન આવવાની અગાઉની રાત્રિએ રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં અત્યંત કરૂણાજનક કહી શકાય તેવી આ ઘટનાને પગલે સમગ્ર ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

## ખૂણેખાંચરેથી

- સે. ૨૭ના આનંદનગરમાં છેલ્લા થોડાક દિવસથી ડહોળા પાણીની સમસ્યાથી વસાહતીઓ ચિંતાતુર બન્યા છે.
- જિલ્લામાં કમોસમી વરસાદી માહોલથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ઠંડીનું જોર વધ્યુ છે.
- દહેગામના કોરોનાના દર્દી ૬૧ વર્ષીય અતુલભાઈ શાહ ૩૫ દિવસ સુધી ઓક્સીજન પર રહી કોરોનાને મહાત કરી આજે ડિસ્ચાર્જ લઈ અને ઘરે ગયા છે. તેમણે સિવિલતંત્રની સેવાઓને બિરદાવી હતી.
- ગાંધીનગર કોર્પોરેશનમાં હવે ઓનલાઈન વહીવટીય પ્રથા શરૂ કરાશે આ અંગેની તૈયારીઓ શરૂ કરાઈ છે આજે તેની પ્રાથમિક સમીક્ષા પણ કરાઈ હતી.
- મુખ્યમંત્રી મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત મનપાને ૧૦૮ જેટલી મહિલાઓએ રજીસ્ટ્રેશન લાભાર્થી થવા માટે કરાવ્યુ છે.
- શનિ-રવિની રજાઓ હોવાથી ગાંધીનગર શહેરમાં મીની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આજે શહેરમાં ટ્રાફિક પણ હળવો જણાયો હતો.
- આજથી ભાજપની દ્વિદિવસીય ચિંતન બેઠક કમલમ્ ખાતે શરૂ થશે.
- ૨૦૧૯ની બેંચના ગેસ કેડરના ૪૮ જેટલા અધિકારીઓને પાંચ મહિનાની ફિલ્ડટ્રેનીંગ માટે નિમણુંક આપતા હુકમો મહેસુલ વિભાગે જારી કર્યા છે.

## વરરાજાએ વરઘોડામાં બંદૂક કાઢી ફાયરિંગ કરતા ચકચાર

બર્થ ડે પાર્ટીમાં, સામાજિક પ્રસંગ માં કે પછી શોખ માટે હવા માં ફાયરિંગ કરવાનો જાણે કે એક ટ્રેન્ડ શરૂ થયો હોય તેમ લાગી રહ્યું છે. કેટલાક દિવસ અગાઉ અમદાવાદમાં એક પછી એક ફાયરિંગના ચારથી પાંચ વીડિયો વાયરલ થયા બાદ પોલીસ સફાળી જાગી ઊઠી હતી અને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જોકે આ ઘટના બાદ પણ હજી પણ લોકો જાણે કે સુધરવાનું નામ ન લઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ઓઢવમાં લગ્ન પ્રસંગનાં વરઘોડા દરમિયાન વરરાજાએ જાહેરમાં હવામાં ફાયરિંગ કર્યું છે. અમદાવાદમાં દિવાળીના પર્વ બાદ કોરોના ના કેસ માં વધારો જોવા મળતા રાજ્ય સરકાર દ્વારા સામાજિક પ્રસંગોમાં સો વ્યક્તિઓને હાજર રહેવા માટેની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે વરઘોડો નીકાળવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# રાજ્યમાં લગ્ન સમારોહ માટે ઓનલાઈન મંજૂરી ફરજિયાત

**રાજ્યના નાગરિકો પર ભિંસ વધારતી સરકાર : અગાઉની ગાઈડલાઈન મુજબ દિવસ દરમિયાનના લગ્નોમાં સરકાર કે પોલીસની પરવાનગીની જરૂર ન હતી**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં અમદાવાદ સહિતના શહેરોમાં કોરોનાનું સંક્રમણ વધતાં સરકાર દ્વારા ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ અમલમાં મૂક્યો છે. તેમજ લગ્ન સમારંભ માટે હાલમાં ૧૦૦ લોકોને એકઠા થવાની પરવાનગી આપવામાં આવી હતી. લગ્ન બાબતે રાજ્ય સરકાર દ્વારા આજે નવું ફરમાન બહાર પાડ્યું છે. જે મુજબ હવે લગ્નનું આયોજન કરનારે ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી મંજૂરી મેળવવાની રહેશે.

કોરોના કાળામાં લગ્ન માટે હાલમાં સરકાર દ્વારા ખુલ્લા સ્થળો પર મહત્તમ ૧૦૦ વ્યક્તિ અને બંધ સ્થળોએ સ્થળની ક્ષમતાના ૫૦ ટકાથી વધુ લોકને મંજૂરી આપવામાં આવે છે. જોકે દિવસ દરમિયાન આયોજન કરવા માટે કોઈ પોલીસ પરમીશન કે સરકારની પરમિશન લેવાની જરૂરિયાત નથી. પરંતુ હાલમાં કોરોની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે હવે લગ્નનું આયોજન કરનારાઓને ફરજિયાત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટે આદેશ આપ્યો છે.

એટલે કે જે આગામી સમયમાં જે કોઈને લગ્નનું આયોજન કરવા જઈ રહ્યા છે તેમણે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ રજિસ્ટ્રેશનની પ્રક્રિયા માટે નેશનલ ઈન્ફોરમેટિક્સ સેન્ટર દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર ઓર્ગેનાઈઝિંગ મેરેજ ફંક્શનનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત અરજદારે લગ્ન સમારંભ યોજના અંગે આ પોર્ટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ રજિસ્ટ્રેશનની પ્રિન્ટ લેઈને પોતાની પાસે રાખવાની રહેશે. જો કોઈ પોલીસ અધિકારી કે સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા તપાસ માટે આવે ત્યારે અરજદાર પાસે રજિસ્ટ્રેશનની માહિતી માંગણી કરે છે તો તે અરજદારે રજૂ કરવાની રહેશે. જો તેમણે રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.



ખેડૂત આંદોલને છેલ્લા કેટલાક દિવસોમાં વેગ પકડ્યો છે. ઠેર ઠેર કેન્દ્ર સરકારના નિર્ણયોનો વિરોધ થઈ રહ્યો છે. દરરોજ નીત નવા કાર્યક્રમો દ્વારા ખેડૂતો સરકારનુ નામ દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ગાંધીનગરમાં પણ ખેડૂતો વિરોધ કરવા માટે પહોંચે તેવી શક્યતાઓ હોવાથી સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

## કોરોનાથી સાજા થયેલા ૪૦ ટકા દર્દીને ફરી ચેપનો ખતરો

અમદાવાદ,તા.૧૧

કોરોનાના કેસ છેલ્લા થોડા દિવસથી ઘટી રહ્યા છે, પરંતુ કોરોના હજુ ગયો નથી. તેમાંય જે લોકો કોરોનામાંથી સાજા થયા છે, તેમાંથી ઘણા એવું માની રહ્યા છે કે હવે તેમને કોરોના ફરી નહીં થાય. જોકે, આ માનસિકતા સામે કોર્પોરેશન દ્વારા કરાયેલો સીરો સર્વે લાલબત્તી ધરી રહ્યો છે. કારણકે, અમદાવાદમાં જ કોરોનામાંથી સાજા થયેલા લોકોમાં ધીરે-ધીરે તેની સામેની પ્રતિકારક શક્તિ (એન્ટિબોડી) ઓછી થઈ રહી છે. હાલ કોરોનાથી બચવા માટે લોકો રસી પર મોટી આશા રાખીને બેઠા છે. તેવામાં એએમસી દ્વારા ઓક્ટોબરમાં કરવામાં આવેલા સીરો સર્વેમાં જાણવા મળ્યું છે કે, શહેરમાં કોરોનામાંથી સાજા થયેલા ૧૭૦૮ દર્દીમાંથી ૧૨ સપ્તાહના અંતે માંડ ૫૪.૫ ટકા લોકોમાં જ આ વાયરસ સામે લડી શકે તેવા એન્ટિબોડી મોજૂદ હતા. સર્વેમાં એ પણ જાણવા મળ્યું હતું કે પુરુષોની સરખામણીમાં મહિલાઓમાં એન્ટિબોડી વધુ હતા. પુરુષોમાં આ પ્રમાણ ૫૪ ટકા હતું, જ્યારે મહિલાઓમાં આ પ્રમાણ એક ટકો વધારે એટલે કે ૫૫ ટકા જેટલું હતું. જે લોકો કોરોનામાંથી સાજા થયા હતા, તેમનામાં રિકવરીના ૧૨ સપ્તાહ બાદ એન્ટિબોડીનું પ્રમાણ ૪૦થી ૬૦ ટકા જેટલું થઈ ગયું હતું. સ્ટડીમાં એવો પણ દાવો કરાયો છે કે માર્ચથી મેના મધ્ય ભાગ સુધી અમદાવાદમાં પ્રમાણમાં ઘણા ઓછા કેસ હતા. તેવામાં ૨૦ સપ્તાહના અંતે કોરોનામાંથી રિકવર થયેલા દર્દીઓમાં એન્ટિબોડીમાં વધુ ઘટાડો નોંધાયો હોવાની પણ શક્યતા છે. કોરોનાનો ચેપ લાગ્યા બાદ શરીરમાં તેની સામે લડવા માટે સર્જાતી રોગપ્રતિકાર શક્તિ ચારેક મહિના સુધી ૫૦-૫૫ ટકા વચ્ચે સ્થિર રહેતી હોવાનું પણ આ સર્વેમાં જાણવા મળ્યું હતું.

# પેજ કમિટી બનાવવા માટે કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ : સી. આર. પાટીલ

**વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલ પણ પેજ કમિટીના પ્રમુખ બની, પેજ કમિટી બનાવી કાર્યકર્તાઓને અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું : સી.આર.પાટીલ**

સુરત તા.૧૧

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત એક નવીન કાર્યક્રમ સુરત ભાજપા કાર્યાલય ખાતે યોજાયો હતો. પેજ કમિટી બનાવનાર કાર્યકર્તાઓને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ ના હસ્તે કાર્ડનું વિતરણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

'મિશન ૧૮૨' પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું આ સ્વપ્ર પૂર્ણ કરવાં માટે સમગ્ર ગુજરાતના ભાજપાના કાર્યકર્તાઓમાં પેજ સમિતિ બનાવવા માટે જબરદસ્ત સ્પર્ધા ચાલી રહી છે. આ સ્પર્ધા અંતર્ગત સૌ પ્રથમ પેજ સમિતિ બનાવનાર કાર્યકર્તાઓને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર અધ્યક્ષશ્રી નિરંજન ઝાંઝમેરા, મંત્રીશ્રી કુમારભાઈ કાનાણી, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, મહામંત્રીશ્રી કિશોરભાઈ બિન્દલ, મુકેશભાઈ દલાલ લલિતભાઈ વેકરિયા, ધારાસભ્યશ્રીઓ, કાર્યકર્તાઓ સહિતના આગેવાનો આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર.પાટીલે જણાવ્યું કે, પેજ સમિતિ બનાવવા માટે કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવાં મળી રહયો છે. કાર્યકર્તાઓમાં જબરદસ્ત સ્પર્ધા જોવાં મળી રહી છે. વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાજી, મનસુખભાઈ માંડવીયા સહિત મંત્રીશ્રીઓ પોતે પેજ પ્રમુખ બની પેજ સમિતિ બનાવી કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ પૂરું પાડ્યું છે તે બદલ હું એમનો વિશેષ આભાર માનું છું.

કૃષિ બિલ અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું કે, આજે દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમ્યાન નવસારી, ચીખલી, બીલીમોરાના ખેડૂતો તથા ઓફિસ ખાતે સુરત, ઓલપાડ, બારડોલી, વ્યારા વિસ્તારના ખેડૂતો રૂબરૂ મળી કૃષિ બિલ અંગે સમર્થન આપ્યું હતું અને આ કૃષિ બીલના લાભ ગણાવી આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કર્યો હતો. જયારે શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી પદે આવ્યા ત્યારે ખેડૂતોની આવક રૂપિયા ૯૦૦૦ કરોડની હતી. પરંતુ શ્રી નરેન્દ્રભાઈની ખેડૂત લક્ષી નીતિના કારણે ગુજરાતના ખેડૂતોની રૂપિયા ૯૦૦૦ કરોડથી વધી રૂપિયા દોઢ લાખ કરોડ પર પહોંચી હતી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વર્ષ ૨૦૨૨ સુધી ખેડૂતો ની આવક બમણી કરવાં માંગે છે અને આ દિશામાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી સતત પ્રયત્ન કરી રહ્યા છે.





આજના યુગમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ રાખવી ખૂબ જ અગત્યની બનતી જાય છે અને તંદુરસ્તી માટે શિયાળાનો સમય સૌથી ઉત્તમ ગણાય છે. અગાઉના સમયમાં ગ્રામ્ય સંસ્કૃતિમાં પ્રભાતફેરીનું અનેરૂ મહત્વ હતુ જેના થકી નાગરિકોને વહેલી પરોઢે આળસ ત્યજીને ઉઠી જવા સુમધુર ભજનો સાથે જગાડવાનું કાર્ય થતુ હતુ. પ્રભાતફેરી કરનારનું સ્વાસ્થ્ય પણ તેના કારણે સારૂ રહેતુ હતુ. અત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ફીટ ઈન્ડિયા, યોગ દિવસ જેવા કાર્યક્રમો થકી નાગરિકોના સ્વાસ્થ્ય સુધાર પર ભાર મુકવામાં આવી રહ્યો છે ત્યારે નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા પ્રભાતફેરી યોજી યુવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થવા આહવાન કરવામાં આવ્યું હતું.

## જિલ્લા ટાસ્ક ફોર્સ અને સખી વન સ્ટોપ મોનીટરિંગ સમિતિની બેઠક યોજાઇ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં આજરોજ ટાસ્ક ફોર્સ સમિતિ અને સખી વન સ્ટોપ સેન્ટરની જિલ્લા કક્ષાની મોનીટરિંગ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાની અસરકારક અમલવારીના સુચારું આયોજન અંગે ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં વિવિધ કચેરીઓ, સંસ્થાઓ, કેન્દ્રો અને બિનસરકારી સંસ્થાઓના સંકલન કરી આ યોજનાને સફળ બનાવવા માટે કલેકટરશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ગાંધીનગર જીલ્લામાં મંજૂર થયેલ એક્શન પ્લાન મુજબ આગામી સમયમાં જ્યાં દિકરી જન્મ દર નીચો હોય તે દરેક શહેર, તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં બેટી બચાઓ બેટી પઢાઓ હેઠળ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જીલ્લામાં તમામ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દિકરી જન્મદરને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર જીલ્લાની તમામઁ ઊઁઞ કને ઞઊઁઞ પર જ્યાં દિકરીઓનો જન્મ થશે ત્યાં કુટુંબને દિકરી વધામણા કીટ આપવામાં આવશે,વધુમાં જે દિકરીઓ સ્કુલ ડ્રોપ આઉટ હોય અને પુનઃ સ્કૂલમાં રીએડમીટ થાય તેમના માતાપિતાને પ્રોત્સાહીત કરવમાં આવશે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં સરદાર ગાથાનું મ્યુઝિયમ બનાવાશે

**મ્યૂઝિયમથી વર્તમાન અને આવનારી પેઢી સમક્ષ રાષ્ટ્ર ઐક્ય ભાવનાનો ઇતિહાસ ઊજાગર કરાશે : વિજય રૂપાણી**



ગાંધીનગર,તા.૧૧

લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ ૫૬૨ દેશી રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કરી એક અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યુ તેની ગૌરવવંતી સ્મૃતિ અને ઈતિહાસ આવનારી પેઢીઓ સુધી અકબંધ સચવાઈ રહે તે માટે કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આ ઈતિહાસનો સાક્ષાત્કાર કરાવતું ભવ્ય મ્યૂઝિયમ નિર્માણ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના પનોતાપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની આઝાદી પછી અખંડ રાષ્ટ્રના સંકલ્પ સાથે નાના-મોટા ૫૬૨ રાજા-રજવાડાઓ સાથે વિવિધ સ્તરે પરામર્શ-ચર્ચાઓ-બેઠકો કરીને ભારતમાં તેના વિલીનીકરણની સફળતા મેળવી તેની ફલશ્રુતિએ આજે ભારત સમગ્ર વિશ્વમાં એક અને અખંડ રાષ્ટ્ર તરીકે ખ્યાતિ પામ્યુ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કેવડીયામાં વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા અને અન્ય પ્રવાસન આકર્ષણ માણવા-નિહાળવા આવતા વિશ્વભરના પ્રવાસીઓ સમક્ષ ભારત વર્ષના દેશી રજવાડાઓની ભવ્યતા તેમજ દેશની અખંડિતતા એકતા માટે તેમણે આપેલા ત્યાગની ભાવના સાથે સરદાર સાહેબના પ્રબળ પુરૂષાર્થની પરિણામકારી ગાથા આ ભવ્ય મ્યૂઝિયમ ઊજાગર કરશે. મુખ્યમંત્રીએ પ્રેરક સૂચન કર્યુ કે, આઝાદી બાદ ભારત રાષ્ટ્રમાં વિલીનીકરણ અંગે રજવાડાઓએ સરદાર સાહેબની ઉપસ્થિતીમાં હસ્તાક્ષર કરેલા કરારના દસ્તાવેજો, તે સમયની તસ્વીરો, રાજવીઓના શસ્ત્ર સરંજામ, ભેટ-સોગાદોની ઝાંખી આ બધી ઐતિહાસિક વિગતો પ્રત્યેક રાજયના અલાયદા વિભાગો આ મ્યૂઝિયમમાં બનાવીને પ્રસ્તુત કરવામાં આવે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરિય બેઠકમાં વિજય રૂપાણીએ આ સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. દેશના ૫૬૨ જેટલા રજવાડાઓનો ભવ્ય વારસો, ઝર-ઝવેરાત, કલાકારીગીરીની ચીજવસ્તુઓ તથા તેમના રાજ્યની અમૂલ્ય ચીજવસ્તુઓ, મિલ્કતો-કિલ્લા-મહેલો સહિતના ભવ્ય વારસાની ઝાંખી પણ આ મ્યૂઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવશે.


## જાહેર નિવિદા

કલેક્ટર કચેરી, ગાંધીનગર હસ્તકની જુદી જુદી કચેરીઓ ખાતે ઝેરોક્ષની કામગીરી કરવા માટે રસ ધરાવતા વેપારી / એજન્સી / પેઢીઓ પાસેથી નીચેની વિગતે અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. કોરા અરજીપત્રક, શરતોની યાદી તથા ભાવપત્રક રૂ. ૫૦૦/-ની ફી 'ચેરમેનશ્રી, ઈ-સેવા સોસાયટી, ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરીને કચેરીના કામકાજનિ દિવસો દરમિયાન તા. ૧૯/૧૨/૨૦૨૦ સુધીમાં એ.ડી.એમ. - ૧ શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતેતી મેળવી લેવાના રહેશે.

૨. ભાવપત્રકો અત્રેથી આપવામાં આવેલ નમૂનામાં ભરીને સીલબંધ કવર ઉપર લાલશાહીથી 'સને - ૨૦૨૦ના વર્ષ માટે ઝેરોક્ષ માટેના ભાવપત્રકો' એ રીતે લખીને અત્રેની કચેરીને મોડામાં મોડા તા. ૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં ૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરી ખાતે મળી જાય તે રીતે જનસંપર્ક અધિકારીશ્રી, કલેક્ટર કચેરી, ગાંધીનગરના સરનામે આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

૩. મળેલ અરજી પત્રકો નિવાસી અધિક કલેક્ચરશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓની હાજરીમાં તા. ૭/૧/૨૦૨૧ના રોજ ૧૫:૩૦ કલાકે ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે અને માન્ય રહેલ ટેન્ડરરો પૈકી સૌથી ન્યૂનત્તમ ભાવવાળા ટેન્ડરને કામગીરી સોંપવામાં આવશે.

| | | |
|---|---|---|
| તા. ૯/૧૨/૨૦૨૦ | રવાના કરવા પ્રમાણિત | સહી/- |
| સ્થળ : ગાંધીનગર | સહી/- | (ડો. કુલદીપ આર્ય) |
| માહિતી/૧૪૬૮/૨૦-૨૧ | જન-સંપર્ક અધિકારી | કલેક્ટર, ગાંધીનગર |